ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૩૪ ટકા

# મેગા અંતાક્ષરીનો સેમી ફાઈનલ રાઉન્ડ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં સૌ પ્રથમવાર મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા આયોજીત મેગા અંતાક્ષરીનો સેમી ફાઈનલ રાઉન્ડ આજે સેકટર-૨૩ કડી કેમ્પસ સ્થિત ખીમજી વિસરામ હોલ ખાતે બપોરના સમયે યોજાયો હતો. આ સેમી ફાઈનલ રાઉન્ડમાં ૫૦ ટીમોના ૧૫૦ થી વધુ સ્પર્ધકો હાજર રહ્યા હતા. જયારે મેગા અંતાક્ષરીની સેમી ફાઈનલ અત્યંત રસપ્રદ બની રહી હતી. જયારે સ્પર્ધકો વચ્ચે કાંટે કી ટક્કર જામી હતી. જયારે અંતાક્ષરી નિહાળવા માટે આવેલ નગરજનોને એક સાથે જુના તેમજ નવા ગીત સાંભળવા મળતા ખુબ મોજ પડી હતી.

આજે મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ અંતાક્ષરીના સેમી ફાઈનલ રાઉન્ડમાં ચાર રાઉન્ડ રાખવામાં આવ્યા હતા. જેમાં દરેક રાઉન્ડમાં ૧૨ ટીમનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સેમી ફાઈનલમાંથી ૮ ટીમ ફાઈનલ માટે પસંદગી પામશે. જયારે વિવિધ રાઉન્ડના વિવિધ નામ આપવામાં આવ્યા હતા. તેવી જ રીતે ૧૨ ટીમના નામ પણ ૧૨ રાગ પરથી આપવામાં આવ્યા હતા. જેમ કે બાગેશ્રી, બહાર, ભૈરવી, કેદાર, ખમાજ, વસંત, મધુવંતી, મલ્હાર, કલાવતી, ભુપાલી, દરબારી, સારંગનો સમાવેશ થાય છે. બપોરના સમયે શરુ થયેલી અંતાક્ષરીનો સેમી ફાઈનલ રાઉન્ડ અત્યંત રસપ્રદ બનતા સાંજ સુધી ચાલી હતી. જયારે અંતાક્ષરીના રસિયાઓને પણ જુના તેમજ નવા ગીત સાંભળવા મળતા મોજમાં આવી ગયા હતા. અંતાક્ષરીના નિર્ણાયક તરીકે મહર્ષિ એન્ડ ટીમના સભ્યો હાજર રહ્યા હતા. આ અંતાક્ષરીના તમામ સભ્યોને મહર્ષિ ફાઉન્ડેશન તરફથી પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે. જયારે આગામી તા. ૩૦ મી ડિસેમ્બરના રોજ ફાઈનલ રાઉન્ડ ટાઉનહોલ ખાતે સાંજે ૭.૩૦ કલાકે યોજાશે.




## વાતવાતમાં

● સે-૨૩માં અશ્વિનભાઈ એ. કોમર્સ કોલેજ ખાતે ગુરુવારથી ત્રિદિવસીય વાંચન શિબિરનો પ્રારંભ થઈ રહ્યો છે. આ વાંચન શિબિરમાં ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત માઈક્રોફિકશન વાર્તા અને કવિ રમેશ ઠકકર કવિતા વિશે વિદ્યાર્થીઓને ઉદાહરણ સાથે વાર્તાલાપ કરી વાંચન-લેખન પ્રત્યે પ્રેરિત કરશે.

● નવી સરકારે શપથવિધિ કરી ચાર્જ સંભાળી લેતા મંત્રીમંડળમાં સમાવિષ્ટ મંત્રીઓને શુભેચ્છા આપવા સચિવાલય ખાતે શુભેચ્છકોનો ધસારો થયો હતો. કેટલાક શુભેચ્છકો ફુલના બુકે કે હાર સાથે લાવ્યા ના હોવાથી તેમણે અગાઉ આવેલા શુભેચ્છકોએ આપેલા ગુલદસ્તામાંથી જ મેળવી ફરી મંત્રીને આપતા ફોટા પડાવ્યા હતા.

# પંચદેવ મંદિરે દિપમાલા દ્વારા વર્ષ ૨૦૧૮ને આવકારાશે

ગાંધીનગર, તા.૨૭

ભારતીય સંસ્કૃતિમાં નૂતન વર્ષને દિપમાલા થકી સત્કારવાનો શિરસ્તો રહેલો છે. આગામી તા. ૧લી જાન્યુઆરીથી અંગ્રેજી કેલેન્ડર મુજબ વર્ષ ૨૦૧૮નો નૂતન પ્રારંભ થઈ રહ્યો છે. જેને ગાંધીનગરના સુપ્રસિધ્ધ પંચદેવ મંદિરે દિપમાલાથી આવકારવાનો એક નવો ઉપક્રમ ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર સંસ્થા દ્વારા આયોજિત કરાયો છે. તા. ૧લી જાન્યુઆરીએ સવારે ૬ કલાકે પંચદેવ મંદિરે મંગળા આરતી કરી નૂતન વર્ષના પ્રારંભને ઉજવવામાં આવશે.

આપણા દેશમાં પણ હવે અંગ્રેજી કેલેન્ડરને અપનાવી લેવાયું છે ત્યારે ઈશુના આ નવા વર્ષનું પણ ભારતીય પરંપરાગત મુજબ સ્વાગત કેમ નહીં? રોજીંદા જીવનમાં વણાઈ ગયેલા અંગ્રેજી કેલેન્ડરને પણ ભારતીય વિક્રમ સંવતના નૂતન વર્ષની જેમ આવકારી ગાંધીનગરથી એક નવી કેડી કંડારવાનું બીડું ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર સંસ્થા દ્વારા ઉપાડવામાં આવ્યું છે. આમ પણ નવી પેઢી પાશ્ચાત્ય સંસ્કૃતિ મુજબ નૂતન વર્ષને આવકારે જ છે તો તેને હવે ભારતીય સંસ્કૃતિ મુજબ સત્કારવાના નવતર પ્રયોગને વધાવવા આ કાર્યક્રમમાં સામેલ થવા સંસ્થાના પ્રમુખ કુંપલબેન દવેએ જાહેર અનુરોધ કર્યો છે.

# અડાલજ ખાતે પ્રાકૃતિક જીવન અંગે રાષ્ટ્રીય સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતના ઈન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશન દ્વારા હાર્ટફુલનેશ ઈન્સ્ટિટયુટ અને આંતરરાષ્ટ્રીય સહયોગ પ્રતિષ્ઠાનના સહયોગથી આગામી તા. ૨૭ અને ૨૮મી જાન્યુઆરીએ પ્રાકૃતિક જીવન અંગે રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલન ગાંધીનગરના અડાલજ ખાતે હાર્ટફુલનેશ ઈન્સ્ટિટયુટ ખાતે યોજવામાં આવ્યું છે.

આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવી નેચરોપથી સામાન્ય જન સુધી પહોંચે તેમજ તેના ચિકિત્સકો, સલાહકારો સાથે મળીને વર્ષોના અનુભવો તથા શોધખોળો અંગે માહિતગાર કરે તે છે. આ સંમેલનમાં વૈકલ્પિક થેરાપી તથા તેની અસરકારકતા, યોગ થેરાપી, નેચરોપથી સારવારની અસરો, કાચો આહાર અને ઉપવાસ, ડાયાબીટીશ મેનેજમેન્ટ, સુ-જોક થેરાપી તથા ગૌ-વિજ્ઞાન જેવા વિષયો આવરી લેવાશે.




ગાંધીનગર શહેરના સેકટર-૩-એમાં આવેલ વન્ડર કિડસ પ્લે ગ્રુપ ખાતે નાના ભૂલકાઓ માટે ડ્રેસ કોમ્પીટીશન યોજાઈ હતી. જેમાં વન્ડર કિડસમાં અભ્યાસ કરતા નાના ભુલકાઓ સૈનિક, રાજનેતા, પક્ષી, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, શંકર ભગવાન તેમજ પરીના વસ્ત્રોમાં ખુબ સુંદર લાગી રહ્યા હતા.

# જમીન હડપ કરવા બનેલા બોગસ ખેડુતને શોધતી ઈન્ફોસીટી પોલિસ

**કુડાસણની જમીન હડપ કરવાના ગુનામાં વધુ કેટલાકના નામ ખુલવાની શકયતા**

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક કુડાસણ ખાતે આવેલી કરોડોની જમીન હડપ કરવાનો કારસો રચનાર જમીન દલાલ કૌભાંડ કરે તે પહેલા જ પોલિસના હાથે ઝડપાઈ ગયો છે. આ શખ્સને જમીન માલિકના નામના બોગસ આઈકાર્ડ બનાવી આપનાર ત્રણ શખ્સો પણ પકડાઈ ગયા છે. હવે છેતરપીંડી કરવા માટે જે જમીન માલિક બનવાના હતા તે શખ્સની શોધખોળ ઈન્ફોસીટી પોલિસે શરુ કરી છે.

કુડાસણની કરોડોની કિંમતની જમીનના માલિકોની ડીટેઈલ ઓનલાઈન કઢાવી સરગાસણના જમીન દલાલ શખ્સે માલિકોના નામોના આધારે ભળતા નામના વ્યકિતઓ શોધવા પ્રયત્ન કર્યા અને ત્યાર બાદ આ જ નામોના ડુપ્લીકેટ આઈ.ડી. કાર્ડ બનાવડાવી દીધા હતા. હવે તેમનો પ્લાન હતો કે આ જમીન કોઈ પાર્ટીને બતાવી ખોટા જમીન માણસો ઉભા કરી જમીન માટેનું બાનાખત કરાવીને ટોકન લઈ લેવાનું! આ માટે બોગસ જમીન માલિક (ખેડુત) પણ બનાવી દેવાયો હતો. આ શખ્સને શોધી કાઢવા ઈન્ફોસીટી પોલિસે દોડધામ શરુ કરી છે. પોલિસ સુત્ર પાસેથી મળતી માહિતી મુજબ આ પ્રકરણમાં હજુ ઘણા નામો બહાર આવે તેવી શકયતા છે. જે અંગે પીએસઆઈ ચૌહાણે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# પાટીદાર જીવનસાથી પસંદગી સેવા કેન્દ્ર યોજાશે

ગાંધીનગર, તા.૨૭

પાટીદાર જીવનસાથી પસંદગી સેવા કેન્દ્રનું આયોજન આગામી તા. ૩૧ ડિસેમ્બરને રવિવારના રોજ સવારે ૯ કલાકે શ્રી ઉમીયા માતાજી સંસ્થાન સેકટર-૧૨ ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે. તમામ પાટીદાર યુવક-યુવતિઓને આ કેન્દ્રની મુલાકાત લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે. રજીસ્ટ્રેશન કેન્દ્ર સોમવારથી રવિવાર દરમિયાન સવારે ૧૦ થી ૧૨ કલાકે તેમજ સોમવારથી શુક્રવાર દરમિયાન બપોરે ૩ થી ૭ કલાક સુધી ખુલ્લું રાખવામાં આવશે. જયારે તા.૩૧ ડિસેમ્બરને રવિવારના રોજ પ્રથમ દિવસે રજીસ્ટ્રેશન ફી રાખવામાં આવેલ છે જેની સૌ એ નોંધ લેવી. તેમજ રજીસ્ટ્રેશન માટે પાસપોર્ટ અને પોસ્ટકાર્ડ સાઈઝનો ફોટો આપવાનો રહેશે. લીવીંગ સર્ટી, અને લાયકાતના પ્રમાણપત્ર બતાવવાના રહેશે તેમ સંસ્થાના મહામંત્રી ભોળાભાઈ પટેલ જણાવ્યું છે.

# અશ્વિનભાઈ કોમર્સ કોલેજની અંજલિ પટેલને શ્રેષ્ઠ સ્વયંસેવકનો એવોર્ડ

**નવી દિલ્હી ખાતે કેન્દ્રિય મંત્રી કર્નલ રાજયવર્ધનસિંહ રાઠૌરના હસ્તે એવોર્ડ એનાયત થયો**

**એનએસએસની પ્રવૃત્તિઓમાં લોકસેવા ક્ષેત્રે શ્રેષ્ઠ યોગદાન બદલ સન્માનિત કરાઈ**

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની અંજલિ પંકજભાઈ પટેલએ વર્ષ ૨૦૧૬-૧૭ માટે 'રાષ્ટ્રીય સેવા યોજના'ની શ્રેષ્ઠ સ્વયંસેવક તરીકેનો એવોર્ડ મેળવી સમગ્ર શહેર તથા કોલેજનું નામ રોશન કર્યું છે. આ એવોર્ડ તેને નવી દિલ્હી ખાતે આયોજિત કાર્યક્રમમાં ભારત સરકારના યુવક સેવા, સાંસ્કૃતિક અને રમતગમત વિભાગના કેન્દ્રિય મંત્રી કર્નલ રાજયવર્ધનસિંહ રાઠૌરના હસ્તે એનાયત કરવામાં આવ્યો છે. જેની સાથે પ્રમાણપત્ર અને રૂ. ૫૦ હજારના ઈનામનો પણ સમાવેશ થાય છે.

સેકટર-૨૩ સ્થિત અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજની વિદ્યાર્થીની અંજલિ પટેલને આ એવોર્ડ તેણે એનએસએસની પ્રવૃત્તિઓમાં આપેલા શ્રેષ્ઠ યોગદાનને કારણે પ્રાપ્ત




થયો છે. છેલ્લા ત્રણ વર્ષથી એનએસએસની વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રસર રહી તેણે સામાજિક કાર્યો કર્યા હતા. જેમાં સ્વચ્છતા અભિયાન, ડિઝીટલ ઈન્ડિયા અંતર્ગત કેશલેસ ટ્રાન્ઝેકશન, મહિલા જાગૃતિ, અંધશ્રધ્ધા નિવારણ, જરૂરિયાતમંદ વર્ગના બાળકોને ભણાવવા, હેલ્થ અવેરનેસ વગેરેનો સમાવેશ થાય છે. છેલ્લા ત્રણ વર્ષમાં તેણે પોતે નિયમિત રકતદાન કરવા સાથે અનેક યુવા વિદ્યાર્થીઓને રકતદાન માટે પ્રોત્સાહિત કર્યા હતા. એનએસએસની ત્રણ શિબિરોમાં સક્રીય ભાગ લેવા સાથે નાગપુર ખાતે પ્રીઆરડી કેમ્પ પણ કર્યો હતો તેમજ નવી દિહી ખાતે 'રિ પબ્લિક ડે પરેડ'માં પણ ભાગ લીધો હતો.

ભારત સરકારના યુવક સેવા સાંસ્કૃતિક વિભાગના ડેલિગેશનમાં ચીન ખાતે પ્રતિનિધિત્વ પણ અંજલિ પટેલે કર્યું હતું. આ ઉપરાંત કોલેજ માટે એનએસએસના બેસ્ટ સ્વયંસેવકનો એવોર્ડ સહિત વકતૃત્વ સ્પર્ધામાં રાજયમાં પ્રથમસ્થાન અને 'ગ્લેટરીન સ્ટાર ઓફ એએપીસીસી' જેવા એવોર્ડસ પણ હાંસલ કર્યા છે. વર્ષ ૨૦૧૫-૧૬ માટે રાજય કક્ષાનો શ્રેષ્ઠ સ્વયંસેવકનો એવોર્ડ જીતનાર અંજલિને રાટ્રીય કક્ષાએ એવોર્ડ પ્રાપ્ત થતા સમગ્ર કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંકુલમાં આનંદનું મોજું પ્રવર્તી રહ્યું છે. અંજલિને આ સિધ્ધિ બદલ કેએસવીના ચેરમેન વલ્લભભાઈ પટેલ, કુલપતિ ડી.ટી. કાપડિયા, રજીસ્ટ્રાર એસ.કે. મંત્રાલા, એ.એ. પટેલ, કોમર્સ કોલેજના આચાર્યા વિજ્ઞાબેન ઓઝા તથા એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવી સહિત કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# ગાંધીનગર એસ.ટી. ડેપોમાંથી દારૂની બોટલો સાથે બે ઝડપાયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર એસઓજીની ટીમે ગઈ કાલે ચોકકસ બાતમીને આધારે ગાંધીનગર એસ.ટી. ડેપોમાંથી વિદેશી દારૂની બોટલો ભરેલી બેગ લઈને જતા બે રાજસ્થાની શખ્સોને પકડી પાડયા હતા. ૨૪ નંગ વિદેશી દારૂ સાથે બંનેની ધરપકડ કરી લઈને માલ કયાંથી કયાં લઈ જવાતો હતો તેની પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની ટીમ ગઈ કાલે શપથવિધિ



કાર્યક્રમ બંદોબસ્ત પુર્ણ કરી પરત ઓફીસ પહોંચી ત્યારે કોન્સ્ટેબલ પ્રદિપસિંહને બાતમી મળી હતી કે ગાંધીનગર એસ.ટી. ડેપોમાં બે શખ્સો પાસે બેગ છે અને તે બેગમાં વિદેશી દારૂની બોટલો લાવેલા છે. આ બાતમી આધારે ટીમ એ.ટી. ડેપો પહોંચી ગઈ હતી અને ડુંગરપુર રાજસ્થાનના બે શખ્સો બબલુ અમરસિંહ લોદી રાજપુત અને વિરેન્દ્ર રામજી ભગોરાને દબોચી લીધા હતા. બંને પાસેથી મળેલી બેગ તપાસ કરતા અંદરથી ૨૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. એસઓજીની ટીમે રૂ. ૮૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બંનેની ધરપકડ કરી લઈ સે-૭ પોલિસને સોંપી દીધા છે. સે-૭ પોલિસે બંનેની ઉંડી પુછપરછ હાથ ધરી છે.

# ગજાનન સેવા સમિતિ દ્વારા ગોઢ અને સદ્રેશ્વર ખાતે ૧૨૬ પેકેટ ચોખાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરની સ્વૈચ્છીક સંસ્થા ગજાનન સેવા સમિતિ દ્વારા ગોઢ પ્રાથમિક શાળામાં પાંચ ગામોની ૭૯ વયસ્કો અને વિધવા બહેનોને ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે બહેનોને પાલક, ધાણા, તથા કારેલાનું બિયારણ આપવામાં આવ્યું હતું. સદ્રેશ્વર મહાદેવ પાસે ૪ ગામોના ૪૭ વડીલોને પણ ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ કર્યું હતું. તાજેતરમાં કરવામાં આવેલ સેવાકાર્યમાં નિખિલ ભટ્ટ, મિલિન્દભાઈ અને યોગેશ હાજર રહ્યા હતા.

# ગાંધીનગર ખાતે ઉત્તરાયણની હંગામી મંજુરી મેળવવા જોગ

ગાંધીનગર, તા. ૨૭

ઉત્તરાયણ- ૨૦૧૮ના તહેવારોને અનુલક્ષીને ગાંધીનગર શહેરી વિસ્તારમાં પતંગ વિતરણની કાર્યવાહી કરવા હંગામી મંજુરી મેળવવા માટેનું ફોર્મ તા. ૨૬/૧૨/૨૦૧૭ થી ૦૨/૦૧/૨૦૧૮ દરમ્યાન કામકાજના ચાલુ દિવસોએ રજીસ્ટ્રી શાખા, કલેકટર કચેરી, ગાંધીનગરમાં કચેરી સમય દરમ્યાન રજૂ કરવાની રહેશે. આ ફોર્મ જરૂરી વિગતો સાથે ભરીને તા. ૦૨/૦૧/૨૦૧૮ના ૪.૦૦ કલાક સુધીમાં જમા કરાવવાનું રહેશે.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં પતંગ વિતરણની કાર્યવાહી કરવા હંગામી પરવાની અરજી ઉપર રૂા. ૩/-ની કાર્ટ ફી સ્ટેમ્પ લગાડવાની રહેશે. જરૂરી ફી સદર હેડ ૦૦૭૦, ઓ.એ.એસ.સી સદરે જનસેવા કેન્દ્ર માંથી મંજુર કરાવી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અથવા બેંક ઓફ બરોડામાં ચલણથી જમા કરાવીને એક નકલ અરજી ફોર્મ સાથે બીડવાની રહેશે. ખુલ્લા પ્લોટ માટે ભાડાની રકમ ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેરશ્રી પાટનગર યોજના વિભાગ- ૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગર પાલિકાની કચેરી પૈકી જે કચેરીમાં ભાડુ વસુલ લેવામાં આવતુ હોય તે કચેરીમાં જમા કરાવી ભાડાની પહોંચ અરજી પત્રક સાથે બીડવાની રહેશે. ગાંધીનગર શહેરમાં સરકારી ખુલ્લા પ્લોટ સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ અથવા અધિક્ષક ઈજનેરશ્રી, ગાંધીનગર તરફથી નિયત કરવા આવે તે સેકટર માટે જ હંગામી મંજૂરી આપવાના છે. જેથી આ અંગેની વિગતો જાણી જે તે સેકટર પુરતી જ પ્લોટ મેળવવા માટે પસંદગી પ્રમાણે અરજી કરવાની રહેશે. જે પ્લોટ ફળવાશે તેમાં જ ધંધો કરવાનો રહેશે. જેથી પ્લોટનું ભરેલ ભાડું રીફંડ મળશે નહિ. પ્લોટ ઉપર સ્ટોલની વ્યવસ્થા, લાઈટની વ્યવસ્થા, ફાયર સેફટી સાધનોની વ્યવસ્થા અરજદારે જાતે કરવાની રહેશે. મંજૂરીની શરતો પ્રમાણે આગ-અકસ્માત માટેની સાવચેતી પગલા માંગણીદારે લેવાના રહેશે. આમ છતાં કોઈ દુર્ઘટના બનશે. તો તેની જવાબદારી અરજદારની રહેશે. જરૂર જણાયે મંજુરી માટેની અરજી કરનારે વિમો લેવાનો રહેશે. અરજદારે ધંધો જાતે જ કરવાનો રહેશે. અન્ય વ્યકિતને ધંધો કરવા અધિકૃત કરી શકાશે નહિં કે અન્યને વાપરવા આપી શકશે નહિ. અરજદારે કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી તેવું પ્રમાણપત્ર તેના રહેણાંકના નજીકના પોલીસ સ્ટેશનમાંથી મેળવી અરજીપત્રક સાથે રજૂ કરવાનું રહેશે. સંબંધિત ફાયર ઓફિસરશ્રીનો અભિપ્રાય પણ અરજીપત્રક સાથે રજુ કરવાનો રહેશે, તેવું મામલતદારશ્રી (જ.ફા)એ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સેક્ટર-૭ સ્થિત ડો. આંબેડકર છાત્રાલય ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે ૯મી ડિસેમ્બર વિશ્વ માનવ અધિકાર દિન નિમિત્તે સે-૭ સ્થિત ડૉ. આંબેડકર છાત્રાલય ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ હતી.



આ શિબિરમાં પેરા લીગલ વૉલન્ટીયર મણીભાઈ સોલંકીએ ભારતના બંધારણ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. જયરામભાઈ સોની અને સુધીરભાઈ દેસાઈ દ્વારા એન્ટી કરપ્શન કાયદો તથા માનવ અધિકારો વિશે વિદ્યાર્થીઓને સમજ આપી હતી. પી.એલ.વી. રામભાઈ પરમાર અને વિનયકાન્ત ડોડિયાએ વિદ્યાર્થીઓને કાયદાનું પાલન તથા શિસ્તપાલનની જરૂરિયાત વિશે ભાર આપ્યો હતો.

આ શિબિરમાં મુખ્ય મહેમાન પદે છાત્રાલયના સંચાલક પટેલ સાહેબની પૂરક હાજરી રહી હતી. છાત્રાલયના ૬૦થી વધુ વિદ્યાર્થીઓએ રસપૂર્વક શિબિરનો લાભ લીધો હતો.

## અવસાન નોંધ

સ્વ. મનીષ હરિહર શુકલનું બેસણું તા. ૨૮-૧૨-૨૦૧૭ને ગુરુવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજવાડી, પોલિસ સ્ટેશન સામે, કોમ્યુનીટી હોલ પાસે, સેકટર-૭-સી-ગાંધીનગર ખાતે રાખેલ છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર કાશીબેન મણાજી, ઉ.વ. ૮૫
- સ્વ. ઠાકોર શાંતાબેન રવાજી, ઉ.વ. ૫૫
- સ્વ. પરેશકુમાર અમૃતસંગ પરમાર, ઉ.વ. ૨૪